

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*સરદારને વિશ્વમાં 'ઊંચાઈ'એ ચડાવી દીધા !*
*હતા' એક બધા સ્વાતંત્ર્ય સેનાની, લડાવી દીધા !*
*પડાવી લીધા, મૂક પ્રેક્ષક, જોતી રહી - કોંગ્રેસ -*
*ભાંગી નાખ્યું સિદ્ધાંતનું સંગઠન, રડાવી દીધા !*

### હાઈકુ

*છે અડીખમ -*
*પલ્ટાતાં 'વહેણ'માં*
*શ્રી સરદાર*

*સરદારની*
*ગાય છે ગાથા પ્રેમે*
*દુશ્મનો પણ...*

### ચિંતન

**સર્વેણાં ભૂષણં ધર્મ ।**

ઉપરોક્ત શ્લોક ચાણક્યનીતિમાંથી લેવામાં આવેલ ચે.

ધર્મ મનુષ્યમાત્રનું આભૂષણ છે.

કર્તવ્યપરાયણતા એ મનુષ્યનું સૌથી શ્રેષ્ઠ આભૂષણ છે. ધર્મનો અર્થ જ કર્તવ્યપરાયણતા, પ્રામાણિકતા અને સંનિષ્ઠાથી પોતાનું કાર્ય કરવું તે છે. મનુસ્મૃતિમાં ધૃતિ, ક્ષમા, ઈન્દ્રિયનિગ્રહ, અચૌર્ય, મન તથા શરીરની શુદ્ધતા, ઈન્દ્રિયદમન, બુદ્ધિ, વિદ્યા, સત્ય તેમજ અક્રોધને ધર્મના દસ લક્ષણ કહ્યાં છે. મનુ સ્મૃતિ એમ પણ કહે છે કે જેનાથી આપણને દુઃખ થાય એવો વ્યવહાર આપણે અન્યો સાથે ન કરીએ એનું નામ જ ધર્મ છે. આવી વૃત્તિ કેળવવી એ જ મનુષ્યનું સૌથી શ્રેષ્ઠ ઘરેણું છે.

### સુવિચાર

- ચમત્કાર કરવા ઈશ્વર ઉપરથી આવતો નથી પણ જે પૂરી મહેનતથી પ્રયત્નો કરતો રહે છે, એવી વ્યક્તિને તે ચમત્કાર માટે પસંદ કરે છે - **કૃષ્ણકાન્ત ઉનડકટ**
- તમારે જીવનમાં જે જોઈતું હોય તેને દિવસો અને કલાકોમાં વિભાજિત કરીને કામે લાગી જાવ - **બિલ ગેટ્સ**
- નિષ્ફળતાને મગજમાંથી ખંખેરી નાખો, નિષ્ફળતાને મગજ પર સવાર રહેવા દેશો તો સફળતા માટે જગ્યા જ નહીં રહે - **એસ. ભટ્ટાચાર્ય**
- આખી દુનિયામાં વસ્તી કૂદકેને ભૂસકે વધતી જાય છે, છતાં આજે જગતમાં દુર્લભમાં દુર્લભ કોઈ વસ્તુ હોય તો એ 'માણસ' છે - **પાસ્તોવેસ્કી**
- કામ કરતાં પૂર્વે વિચારવું બુદ્ધિમતા છે, કામ કરતી વખતે વિચારવું સતર્કતા છે, કામ કરી લીધા પછી વિચારવું મૂર્ખતા છે - **શિવાનંદ સરસ્વતી**
- અપના ગમ લે કે કહીં ઔર સજાયા જાયે, ઘર મેં બિખરી હુઈ ચીજોં કો સજાયા જાયે - **નિદા ફાઝલી**
- આજનું ઔષધ : મરી પાઉડરને મીઠા સાથે મિક્સ કરી આંગળથી દાંત પર ઘરવાથી પાયોરિયા મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

પયગંબર સાહેબ બજારમાંથી પસાર થતા હતા ત્યારે એક યુવાન અચાનક રસ્તા વચ્ચે ઢળી પડ્યો. તેનું મોત નજીક હોય એવું લાગ્યું તેની જીભ ખેંચાતી હતી. પયગંબર સાહેબે યુવાનને કહ્યું, 'ભાઈ, લા ઈલાહ ઈલ્લીલાહ બોલ' યુવાને કોશિશ કરી પણ જીભ સાથ આપતી ન હતી. આસપાસ લોકો જોવા માટે ભેગા થયા હતા. પયગંબરે કહ્યું, 'આપ સૌ માંથી જો કોઈ આ યુવાનની માતા હોય તો આગળ આવો.' એક સ્ત્રી આવી એણે કહ્યું, 'હું આ યુવાનની મા છું.' પયગંબરે કહ્યું, 'શું આ પુત્રથી આપ પ્રસન્ન છો?' માતાએ ના પાડી, અને કહ્યું, હું તેની સાથે એક વર્ષથી બોલી પણ નથી.' પયંગબર સાહેબે કહ્યું, 'તમે માતા છો. આ બાળકને માફ કરો, તેને ક્ષમા આપો તેનાથી પ્રસન્ન થાઓ.' માતાએ કહ્યું, 'હું તમારું કહ્યું કહીશ, દીકરા, હું તને માફ કરું છું. અને તેને આશીર્વાદ આપું છું.' યુવાન થોડો હોશમાં આવ્યો. પયગંબરે તેને પૂછ્યું, 'ભાઈ, તને શું દેખાય છે?' યુવાને કહ્યું, 'મને એક કદરુપો માણસ દેખાય છે. તે મને મારવા આવી રહ્યો છે.' પયંગબરે કહ્યું, 'હવે મારી સાથે બોલ કે મારા પાપને નજરઅંદાજ કરો, મને ક્ષમા આપો મારા સતકર્મોનો સ્વીકાર કરો મને માફ કરો.' યુવાન એટલું બોલ્યો, અને પછી ઈલ્લાહ ઈલ્લીલાહ પણ બોલ્યો. પયંગબરે પૂછ્યું, 'હવે તને શું દેખાય છે?' યુવાને કહ્યું, 'એક તેજસ્વી પ્રસન્ન વિભૂતિ હું જોઉં છું. તે મારા તરફ હેત અને સૌજન્યથી જુએ છે.' આટલું બોલીને યુવાને દેહ છોડ્યો. કુરાન કહે છે કે, માતાપિતા પ્રત્યેનો દોષ જહન્નમ આપે છે, તેમનો પ્રેમ પ્રસન્નતા અને જન્નત બક્ષે છે.

# કમોસમી વરસાદથી ખેડૂતોને અપશુકન

**તંત્રીસ્થાનેથી...**

દિવાળીઓના ઉલ્લાસમાં વરસાદ ખલનાયક બન્યો. રાજયના અનેક વિસ્તારોમાં બેસતા વર્ષ અને ભાઈ બીજે પડેલા કમોસમી વરસાદથી ભારે બેહાલી સર્જાઈ છે. ચોમાસામાં પર્યાપ્ત વરસાદ કે અતિભારે વરસાદના સરવાળા બાદબાકી ખેડૂતો કરે તેમાં ભાઈબીજે વરસેલો વરસાદ પડ્યા ઉપર પાટુ અનુભવાયું હતું. દિવાળીના દીવા વરસાદથી ઓલવાશે તેવી આગાહી કરનારા ભલે સાચા પડ્યા હોય, પરંતુ એનો કારમો ઘા તો ખેડૂતોના દિલમાં પડ્યો છે. ચોમાસુ પાક ખેતરમાંથી બજારમાં જાય એ પહેલાં વરસાદે પાકને ભીંજવી નાંખતા બિચારો ખેડૂત વધુ નબળો પડ્યો છે. છેલ્લા કેટલાક વર્ષોથી વરસાદની અનિયમિતતાના કારણે હાલાકી ભોગવતો ખેડૂત વધુ બેહાલ બન્યાના અહેવાલો ચિંતાજનક બની રહ્યા છે. આપણે કૃષિપ્રધાન દેશના ગૌરવને ભલે હજુ સુધી ઝાંખુ પડવા દીધું નથી પરંદતુ હવે ડગુમગુ થતું તો ચોક્કસ લાગે છે. આ વર્ષે જ દેશનો મોટો ભાગ અતિવૃષ્ટિની લપેટમાં આવી ગયો હતો અને જેના પગલે સાર્વત્રિક નુકશાને અર્થતંત્રને હચમચાવી દીધું છે. 'ત્રણ સાંધે ને તેર તૂટે' એવા ઘાટમાં જીવતો દેશનો ખેડૂત સરકારી નીતિઓથી પણ પરેશાન છે. છાશવારે ટેકાના ભાવ જાહેર થાય, રાજકીય ફટાકડા ફુટે, પરંતુ જાહેર થયેલા ભાવ ખેડૂત સુધી પહોંચે તે પહેલાં તો બીજી અનેક સમસ્યાઓ ખેડૂતને માથે વાદળો બનીને ઘેરાતી હોય છે. કુદરતી આપત્તિને કોઈ રોકી શકે તેમ નથી કે રોકવાની કોઈની સમર્થતા નથી એ સનાતન સત્ય હોવા છતાં કૃષિતંત્રને રાહત આપવાની સ્થિતિ તો જરૂર નિર્માણ કરી શકાય છે. વૈજ્ઞાનિક સંશોધનો પ્રાકૃતિક આપદાના સંકેત દ્વારા ખેડૂતોને બચાવી લેવાના પ્રયાસોમાં કેન્દ્ર અને રાજય સરકાર ઊણા ઉતર્યા છે તેનો કોઈ ઈનકાર કરી શકે તેમ નથી, વાવાઝોડા અને અતિ વરસાદે ખેડૂતોના ખેતરોનો બેહાલ બનાવી દીધા છે. જેથી પાક ઉત્પાદનના લક્ષ્ય સિદ્ધ થશે કે કેમ તે મોટો પ્રશ્ન છે. અનાજ કઠોર આયાત કરી શકાશે પણ ખેડૂતોના દુઃખને કેવી રીતે નિકાસ કરી શખીશું. મગફળીનું ઉત્પાદન અડધાથી પણ ઓછું તેવો સંદેહ વર્તાય છે અને જે કાંઈ થશે તે કેવું થશે તે પણ ચિંતાજનક છે. કપાસ-ગવાર-જુવાર અને બાજરીના ઉત્પાદનોને પણ ભારે નુકશાનની ભીતિ સેવાઈ રહી છે. રાજકારણના આટાપાટાની વચ્ચે ખેડૂતોની આ બેહાલી ભૂલાવવાનો કે ભુંસવાનો ઈરાદાપૂર્વકના પ્રયાસો જાણી લેવાની જરૂર છે. જગતના તાત તરીકે ઓળખાવી - ઓળખાવીને રાજકીટ રોટલા શેકનારાઓ ખેડૂતના હૃદય સુધી પહોંચી શક્યા નથી એ નકરૂ સત્ય છે. ખેડૂતોના નામે ભાષણો તો ખૂબ થયા, યોજનાઓ પણ ખુબ થઈ, મેળાઓ અને મહોત્સવો પણ ખુબ થયા પણ દેશનો ખેડૂત આજે પણ ત્યાં ને ત્યાં જ છે. ઉદ્યોગોને - વેપાર ધંધાને - રિઅલ એસ્ટેટને પ્રોત્સાહન જરૂર આપવું જ જોઈએ તેની ના નથી પણ ખેડૂતો ભૂલાવા ન જોઈએ તે પણ એટલું જ જરૂરી છે. હજુ પણ મોડું થાય તે પહેલાં ખેડૂત કલ્યાણ-ખેડૂત વિકાસ અને ખેતી સમૃદ્ધિનો વિચાર અગ્રતાથી કરવો જોઈએ. કલાઈમેન્ટ ચેન્જના પડકારો વચ્ચે દેશના કૃષિ અર્થતંત્રને બચાવવા એકશન પ્લાનની તાત્કાલિક જરૂર છે. 'જય જવાન - જય કિસાન' જેવા માત્ર સૂત્રોથી નહીં ચાલે પણ કિસાનના જય જયકાર માટે ખેતીને મજબૂત બનાવવી પડશે. ખેડૂતની આવક બમણી કરવાની વાત અભિનંદનીય છે. પણ ખેડૂતની આવક અડધી થતાં અટકાવવા તાત્કાલિક પગલાં લેવાની તાતી જરૂરિયાત છે. કેન્દ્ર સરકાર હોય કે - રાજય સરકાર હોય કૃષિઅર્થતંત્રને બચાવવા તાકીદે અગ્રતાપૂર્વક કામગીરી આરંભાય તે જ આજનો સાચો અભિગમ હોઈ શકે. કૃષિપ્રધાન દેશની ઓળખ જાળવવાનો સહિયારો પુરુષાર્થ દેશની આર્થિક મજબુતાઈ તરફ લઈ જવા પૂરક બનશે. એ વાત ગઈકાલે જેટલી સાચી હતી એટલી જ આજે સાચી છે.

# સેફ ફિલ કરને કે લિયે, પહલે સારે ડર મિટાના જરૂરી હૈ

**સેફ ફિલ કરને કે લિયે, પહલે સારે ડર મિટાના જરૂરી હૈ**

**- ડીયર જિંદગી**



**ડાયલોગથી દેવભાષા**
**ડો. જય ઓઝા**

વર્ષ ૨૦૧૬માં ગૌરી શિંદે દ્વારા નિર્દેશિત આ ફિલ્મ 'ડિયર જિંદગી' એ ઘણા દર્શકોના હૃદય અને મન જીતી લીધાં હતાં. આલિયા ભટ્ટ અને શાહરૂખખાન અભિનિત આ ફિલ્મમાં આલિયા ભટ્ટના અભિનયના ખૂભ વખાણ થયા હતા. શાહરૂખ ખાન એક મનોચિકિત્સકના રોલમાં છે, જે આલિયાને જિંદગી જીવવાના પાઠ શીખવે છે. આપણે મોટેભાગે ભયના વિચાર માત્રથી અથવા તો સંભવિત ભયના ઓથાર હેઠળ જ જીવતા હોઈએ છીએ, અને આગળ વધવા માટે ડરને, ભયને ઓળંગી જવો અતિ આવશ્યક છે. શાહરૂખ ખાન આ જ પ્રકારની સમજ આપતો આ સંવાદ બોલે છે. ગૌરી શિંદે જ આ ફિલ્મમાં સંવાદ લેખક છે. 'ઈંગ્લીશ વિંગ્લીશ' જેવી શ્રીદેવીની સફળ ફિલ્મ આ નિર્દેશિકા આપી ચૂકી છે.

'પંચતંત્ર' માં આવી જ સમજ આપતી પંક્તિઓ દષ્ટિગોચર થાય છે.

**તાવત્ ભયસ્ય ભેતવ્યં, યાવત્ ભયં ન આગતમ્ ।**
**આગતં હિ ભયં વીક્ષ્ય, પ્રહર્તવ્યં અશંક્યા ॥**

**- પંચતંત્ર**

ભયથી ત્યાં સુધી ડરવું જયાં સુધી તે (ભય) પાસે ન આવ્યો હોય, અને ભયને જોઈને (પાસે આવે ત્યાં શંકા કર્યા વગર તેના પર પ્રહાર કરવો જોઈએ.

'પંચતંત્ર' નૈતિક મૂલ્યો શીખવવાની મહાશાળા છે. અને આ ગ્રંથ રમત-ગમતમાં જ્ઞાનનાં અને જીવન જીવવાનાં અતિમૂલ્યવાન પાઠ શીખવી જાય છે.

અંધારાથી ડર લાગતો હોય તો, રાત્રે તે વ્યક્તિએ ડરનો સામનો કરીને અંધારામાં જ ચાલીને રસ્તો પસાર કરવો, ડર (ભય) ડરાવતો હોય તો તેને જ બાથ ભરી લેવાની. You Have To Overcome Your Fear.

'હિતોપદેશ' અને 'પંચતંત્ર'ને તો આપણે સહુએ ઘરે ઘરે વસાવીને, બાળકોને તેની રસભરી અને જ્ઞાનસભર વાર્તાઓ વડે નૈતિકતાનાં મૂલ્યો શીખવવા જોઈએ. 'જયતુ સંસ્કૃતમ્ જયતુ ભારતમ્.'

- jayuoza@gmail.com
Mo.9898046488

# ગઝલ સંગ્રહ 'ઝળઝળિયાંનાં કાંઠે'નું વિમોચન અને લોકાર્પણ



**સાહિત્ય વૃત્ત**
**મૂળજીભાઈ પરમાર 'દધિ'**

વૃત્તસંચય

● ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ અને વિદ્યાગુરુ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમમાં અરવિંદ બારોટના ગઝલ સંગ્રહ 'ઝળઝળિયાંનાં કાંઠે'નું વિમોચન અને લોકાર્પણ, ફાઉન્ડેશનના પ્રમુખ હરેશ મહેતાએ કર્યું હતું, આ પ્રસંગે રઘુવીર ચૌધરી, કુમારપાળ દેસાઈ, માધવ રામાનુજ અને રતિલાલ બોરીસાગરની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. ગઝલકાર અરવિંદ બારોટે ગઝલોનું પઠન કર્યું હતું.

● શ્રી બ્રહ્મભટ્ટ વિદ્યોત્તેજક મંડળ, વડોદરાના ઉપક્રમે વડોદરાના ૨૪ બ્રહ્મભટ્ટ કવિ અને કવયિત્રીઓના ગુજરાતી ગીત-ગઝલોના સંપુટ 'કવિઓનો કસુંબો'નું વિમોચન અને લોકાર્પણ ગુજરાત વિધાનસભાના સભ્ય કેતન ઈમાનદારના હસ્તે કરવામાં આવ્યું હતું. આ સમારંભમાં કેતન બ્રહ્મભટ્ટ, સતીન દેસાઈ, ચંદ્રકાન્ત રાવ, દિલીપ ઘાસવાલા, નરેન્દ્ર બ્રહ્મભટ્ટ અને ડૉ. રશીદ મીર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કોઈ પણ જ્ઞાતિના કવિ-કવયિત્રીઓનો કદાચ આ પ્રથમ સંગ્રહ હશે.

● ઓમ કોમ્યુનિકેશન અમદાવાદના ઉપક્રમે ગઝલકાર અમૃત 'ઘાયલ' ની ૧૦૪મી જન્મજયંતિ નિમિત્તે 'આઠો જામ ખુમારી' કાર્યક્રમ યોજાઈ ગયો. આ પ્રસંગે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુ પંડ્યાએ ભૂમિકા બાંધી હતી જયારે વિનોદ ગાંધીએ 'ઘાયલ' ની કાવ્યસૃષ્ટિ વિશે વકતવ્ય આપ્યું હતું.

● ગુરુજીના હુલામણા નામે જાણીતા પ્રો. તખ્તસિંહજી પરમારનું ભાવનગર ખાતે, તેમના શતાબ્દીવર્ષે નિધન થયું છે. ભાવનગરની સાહિત્ય પ્રવૃત્તિઓમાં તેઓ છેક સુધી સક્રિય રહ્યા હતા. સદ્ગતના પુણ્યાત્માને શાશ્વત શાંતિ મળે તેવી પ્રાર્થના.

muljibhaidhadhi@gmail.com
Mo. 9824236893

# દિપોત્સવમાં સંવેદનશીલતા સિંચવાનો સમય



**ક્ષણના ચણીબોર**
**વી. એસ. ગઢવી**

દિપોત્સવનું સ્વાગત કરવાનો સમય છે. જીવનની એક સમાન ઘરેડમાંથી બહાર નીકળીને નિરાંતના શ્વાસ લેવા માટે અનેક પ્રકારના ઉત્સવો તથા તહેવારોનું આયોજન જગતભરમાં કરવામાં આવે છે. નવરાત્રીના સામુહીક ઉલ્લાસનું પર્વ હમણાંજ પૂરું થયું. દિપાવલી એ આપણો એક સર્વવ્યાપક સામાજિક ઉત્સવ છે. આંગણામાં પૂરાતી રંગોળિયો આપણાં મનના ઉલ્લાસનું પ્રતિબિંબ ઝીલે છે. આ તમામ હકીકતોનો સ્વીકાર કરીએ તો પણ સમાજમાં દેખાતી અને ક્રમશઃ વધતી જતી આર્થિક ખાઈનો વિચાર આવતાં એક પ્રકારની ખિન્નતાનો પણ અનુભવ થાય છે. સમાજના એક વર્ગની છાકમછોળ જીવનશૈલિ સામે એક મોટા વર્ગને બે છેડા મેળવવાની મુશ્કેલી પડે છે. તહેવારોનો ઉલ્લાસ જનજનમાં જગાવવા માટે આર્થિક સમૃધ્ધિની અસમાન વહેંચણીના પ્રશ્નને સ્વીકારવો પડશે તેમજ સમજવો પડશે. સમજીને તેના દીર્ઘકાલીન ઉપાયો વિશેષ ગતિથી તેમજ અસરકારક રીતે કરવા પડશે.

વંચિતોની વેદનાને સમજીને તથા તેની પ્રત્યક્ષ અનુભૂતિ કરીને ગાંધીજીએ માર્ચ ૧૯૩૦ માં દાંડીકૂચનો પ્રારંભ કરતા પહેલા એક ઐતિહાસિક પત્ર બ્રીટીશ હિન્દના શાસક લોર્ડ ઈરવીનને લખ્યો. એક તરફ ભીષણ ગરીબી તથા બીજી તરફ અનિયંત્રિત અમીરી તરફ આંગળી ચિંધીને મહાત્માએ જણાવ્યું કે શાસનમાં સંવેદનશીલતાનો અભાવ છે. તેથી મીઠા જેવી જીવનજરૂરી વસ્તુ પર ગેરવાજબી હદે ઊંચો કર વસૂલવામાં આવે છે. બ્રિટીશ શાસન ખર્ચાળ તથા શોષણયુક્ત હોવાથી તેનો અંત લાવવાનો નિર્ધાર ગાંધીજી કરે છે. સમાજમાં Haves અને Haves not ની આ અકળાવનારી અસમાનતા સ્વસ્થ સમાજનું નિર્માણ કરી શકે નહિ. મહાત્મા ગાંધીએ કહ્યું હતું તેના આઠ દાયકા પછી પણ આવકની આ અન્યાયી અસમાનતાનો મુદ્દો તો આજે પણ ઊભો છે. સમાજ - શાસન માટે આ સતત પડકારનો વિષય રહેલો છે. આ પ્રશ્ન હળવો કરવા ઘણું થયું હોય તો પણ ઘણું કરવાનું બાકી છે તેવી લાગણી હમેશા સકારણ જોવા મળે છે. ઉત્સવોમાં એક તરફ દેખાદેખીને કારણે થતાં અનિયંત્રિત ખર્ચ તથા બીજી તરફ તહેવાર કે ઉત્સવને ઉજવવા માટેની આર્થિક તેમજ પર્યાવરણ સંબંધિત સમસ્યા સાથે જીવતો સમાજ એ વાસ્તવિકતા છે. કિસાનોની આત્મહત્યાના કિસ્સાઓ તેમજ મધ્યમ તથા તદ્દન ઓછી તથા અનિયમિત કમાણી કરનાર વર્ગની તરફ દ્રષ્ટિ કરીને જોવાની જરૂર છે. આજે પણ તેમના આર્થિક તેમજ સામાજિક વ્યવહારો નીભાવવામાં તેમને કપરા પડકારો સામે આવે છે. શહેરો કે નગરોમાં બનતી આત્મહત્યાની ઘટનાઓમાં પણ મોટા ભાગે આર્થિક સ્થિતિ કારણભૂત બને છે. કોઈને આ ઘટનાઓ કદાચ સંખ્યાની દ્રષ્ટિએ બહુ વ્યાપક ન લાગે. પરંતુ તે પ્રકારનું મૂલ્યાંકન કરવું તે સામાજિક શાંતિ તેમજ સૌહાર્દ જાળવવા માટે ઉપયોગી થશે નહિ. આ બાબતની વ્યથા કવિઓ – વિચારકોએ હમેશા સમાજ સમક્ષ રજૂ કરી છે. આવીજ એક પ્રસ્તુતિ ''આંધળીમાના કાગળ'' થી પ્રસિધ્ધ થયેલા કવિ શ્રી ઈન્દુલાલ ગાંધીની છે. તહેવાર તો સૌની સાથે ઉજવવો છે. હૈયામાં હોંશ પણ છે પરંતુ તે માટે સારા કપડાની બે જોડ પણ એક શ્રમ કરીને પેટ ભરતી કિશોરી પાસે નથી. દિવાળી છે તેમજ મોટો ઉત્સવ છે એટલે નવા ન મળે તો વસ્ત્રની એક જોડ જે છે તેને ધોવાનો મનમાં વિચાર છે. એક ગુમનામ શ્રમજીવી કિશોરીની સાધન - સગવડના અભાવની દારુણ અભિવ્યક્તિ કવિશ્રીએ અસરકારક તથા યાદગાર રીતે કરી છે. આ યાદગાર પંક્તિઓ માત્ર આ કિશોરીનેજ લાગુ પડતી હોય તેવું નથી અનેક વંચિત સમુહના કિશોર તથા કિશોરીઓને પણ આ વાત લાગુ પડે છે.

દિવાળીના દિન આવતા જાણી
ભાદરમાં ધૂવે લૂગડાં ભાણી
માથે હતું કાળી રાતનું ધાબું
માગી તાગી કર્યો એકઠો સાબુ
કોડી વિનાની હું કેટલે આંબુ
રુદિયામાં એમ રડતી છાની....ભાદરમાં....
ઘાઘરો પહેરેને ઓઢણું ધૂવે,
ઓઢણું પહેરેને ઘાઘરો ધૂવે
બીતી બીતી ચારે કોર્યમાં જૂએ
એના ઉઘાડા અંગમાંથી
એનો આતમો ચૂવે.
લાખ ટકાની આબરુંને
એણે સોડમાં તાણી....ભાદરમાં....
ઊભા ઊભા કરે ઝાડવા વાતું
ચીભડા વેચીને પેટડા ભરતી
ક્યાંથી મળે એને ચીથરું ચોથું
વસ્તર વિનાની અસ્તરી જાતને હાટું
આ પડી જતી નથી કેમ મોલાતું !
શિયાળવાની વછૂટતી વાણી....ભાદરમાં....

તહેવારોનો હર્ષ પ્રગટ કરવાનું એક હાથવગું માધ્યમ પહેરવાના કપડા છે. કવિ કહે છે કે આ શ્રમજીવી દિકરીને નવા કપડા પહેરવા માટે ન હોય તો જે કપડા છે તેનેજ ધોઈને ફરી પહેરવાના છે. આ રીતે મનને મનાવવાનો પ્રયાસ છે. આવી સ્થિતિમાં સાધન વંચિત દીકરી જીવે છે અને ઝઝૂમે છે. પ્રકૃતિ પણ આ ઘટનાની શાક્ષી બનીને ઊભી છે. સ્થિતિની કરૂણતાનો ચિતાર કવિના શબ્દોથી જીવંત થઈને સામે આવે છે. આપણાં સર્જકો માટે આ વિષય હમેશા મહત્વનો રહેલો છે. મર્મી કવિ શ્રી ઝવેરચંદ મેઘાણીના શબ્દો પણ આ વાતનોજ પ્રતિધ્વનિ સુંદર શબ્દોમાં રજૂ કરે છે.

ધરતીના પટે પગલે પગલે
મૂઠી ધાન વિના નાના બાળ
મરે, પ્રભુહીન આકાશેથી
આગ ઝરે. અહોરાત કરોડ કરોડ
ગરીબોના પ્રાણ ધનીકોને હાથ રમે
ત્યારે હાય રે હાય કવિ ! તને
પૃથ્વીને પાણી તણાં શેણે ગીત ગમે ?

સેન્સેક્સની ચઢ-ઉતર સાથે જેને ભાગ્યેજ કશી નિસબત છે તેવા મોટા સમૂદાયના કલ્યાણ માટેની આપણી સામાજિક તથા સામુહિક લાગણી દીપોત્સવની ગરિમા વધારી શકે. કર્તવ્ય ભલે સામુદાયિક હોય પરંતુ શરૂઆત તો વ્યક્તિગત રીતેજ કરવી પડશે. વાસ્તવિકતા સામે ઉદાસીનતા કે ઉપેક્ષા સાથે કવિ શ્રી ઉમાશંકર જોશીએ જેનો નિર્દેશ કર્યો છે તે ''ભૂખ્યા જનોનો જઠરાગ્નિ'' જાગે તેની રાહ જોવી એ આત્મઘાતી છે. આથી સહાનુભૂતિ તથા સંવેદનશીલતા અનુભવીને આ દિશામાં એકાદ નાના પ્રયાસથી દિપોત્સવને વધાવીએ.

# 'બહેનો વિના સ્વરાજની ગોઠવણી અધૂરી જ રહેશે'



**ગાંધી ૧૦૦**
**ડો. રાજેન્દ્ર જાની**

બહેનો જ હિંદમાં સ્વરાજ લાવી શકશે. આવું મહાત્મા ગાંધી જ ખુદ કહે છે, પોકારી પોકારીને. કારણ આપતાં તેઓ એમ કહે છે, જેમ ગૃહિણી વિના ઘરની ગોઠવણ અધૂરી રહે છે તેમ બહેનો વિના સ્વરાજયની ગોઠવણી પણ અધૂરી જ રહેશે, પણ એ ત્યારે જ થાય જયારે બહેનો પવિત્ર બને. 'પવિત્ર'નો અર્થ આપતા બાપુ કહે છે 'પવિત્ર' એ ત્રણ અક્ષરમાં આવી જાય છે. વિવેક હોય તો જ પવિત્રતા આવે. હું લાજપડદાનો કટ્ટર વિરોધી છું, પણ મર્યાદા તો હોવી જ જોઈએ. સ્વચ્છતા અંદરની (હૃદયની) અને બહારની હોય તો જ પવિત્રતા આવે, સુઘડતા હોય તો જ પવિત્રતા આવે, સચ્ચાઈ હોય તો જ પવિત્રતા આવે, દંભ કે આડંબર ન હોય તો જ પવિત્રતા આવે, સ્વમાન હોય તો જ પવિત્રતા આવે અને સેવાની ધગશ હોય તો જ પવિત્રતા આવે. આવા અનેક અર્થો પવિત્રતાના અને જયાં પવિત્રતા છે ત્યાં ઈશ્વર-સાક્ષાત્કાર છે. એમા શંકા નથી જ નથી. આ એક શસ્ત્ર બહેનો પાસે આવી જાય તો નથી જરૂર તલવારની કે નથી જરૂર ભાલાની. પણ એ બધાં લોઢાના શસ્ત્રો વાપરવાની કે તેની તાલીમ લેવા કરતાંય પવિત્રતાના શસ્ત્રની તાલીમ બહુ અઘરી છે; જો સમજે તો સહેલી છે.

આ વાતો મહાત્મા ગાંધીએ મનુબહેનને કરી હતી. મનુબેન તેમની પુસ્તિકા 'બાપુ - મારી મા' માં આ વાત લખે છે. મનુબેન લખે છે - 'આટલી વાત પછી બાપુ કહે છે, 'લે, મેં એક સાડીમાંથી આટલો મોટો પાઠ આપ્યો, કેમ કે, તારી મા બન્યો છું ને ! માટે. તારો શિક્ષક તારો દાદો કે બાપ હોય પણ મેં તો માની જવાબદારી વહોરી છે. એટલે પૂરી કર્યે જ છૂટકો. આ પાઠોની પરીક્ષા તારે જીવનમાં ઉતારવાની તો છે જ, પણ મને તારી ડાયરીમાં લખી કાલે બતાવજે, એટલે હું જાણીશ કે તેં કેટલું પચાવ્યું છે.'

**મનુબેનની ડાયરી બાપુ દરરોજ તપાસતા અને સહી કરતા હતા**

બાપુ મનુબેનની ડાયરી દરરોજ તપાસતા અને સહી કરી આપતા હતા. એવો ઉલ્લેખ કરતા મનુબેન લખે છે - રાતના સાડા બારે ડગાડીને મને વાત કરવાની શરૂ કરી તે છે કે સવા વાગ્યે વાત પૂરી કરી અને બાપુએ કહ્યું, 'હવે અત્યારે તું સૂઈ જા. મને ઊંઘ નહોતી આવતી તેથી તને જગાડી. વિચાર આવ્યો કે આ છોકરીને અહીં રાખવામાં મેં જોખમ તો ઉઠાવ્યું છે, પણ એને સાવધાન તો કરું, એથી મેં તને ઉઠાડી; હવે સૂઈ જા.'

મનુબેન આટલી વાત પછી લખે છે - આવી એ મારી માતા હતી. અર્ધી રાતે ઉઠાડી ઉઠાડીને આવા પાઠો આપતી હતી. પણ મનુબેનની આ 'મા' હતા પણ કડક. તેમાં ય એ ઈચ્છતા કે મનુબેન બધું જ સરખી રીતે શીખે. અને શીખવાડવા માટે તેઓ તત્પર રહેતા હતા. નોઆખલીમાં બાપુ તેમને ગીતા શીખવવા માટે આટલા બધા કામોમાં પણ દરરોજ દસ મિનિટ ફાળવતા હતા. એ અગાઉ પણ આગાખાન મહેલમાં બાપુ તેમને અંકગણિત, બીજ ગણિત, ભૂગોળ, ઈતિહાસ, વિજ્ઞાન, સંસ્કૃત વગેરે વિષયો પણ શીખવતા હતા. પણ બાપુએ તેમને અંગ્રેજી કદી ય ન શીખવ્યું. સમયના અભાવે તેમને અને કસ્તૂરબાની માંદગીના કારણે જુદા જુદા વિષયો શીખવવાનું કામ કોઈ દિવસ ન છોડ્યું. મનુબેનના કહેવા અનુસાર બીજા વિષયો ડૉ. સુશીલાબેન નૈયર, પ્યારેલાલજી કે ડૉ. ગિલ્ડરે શીખવડાવાનું પોતાના માથે લઈ લીધું હતું આમ, મારે બીજા વિષયોના તો અનેક ગુરુઓ થઈ ગયા, શાળામાંય કેટલાય ગુરુઓ થઈ ગયા હશે અને એ પછી પણ. પરંતુ મનુને ગીતા તો મારે જ શીખવવી છે એમ કહીને ગીતાના ગુરુ તો એકમાત્ર બાપુ જ રહ્યા.

આગાખાન જેલવાસ દરમિયાન તો મનુબેન ભગવદ્ગીતાના શબ્દોના ઉચ્ચારણ જ સમજ્યા હતા. પછી જયારે ત્યાંથી છૂટા પડીને નોઆખલીમાં કોમી હુતાશનને ઠારવા માટે બાપુ પહોંચ્યા હતા ત્યારે મનુબેન પણ પહોંચ્યા હતા. નોઆખળી પહોંચ્યા એના ચોવીસ કલાસ પૂરા થયાને બાપુએ તેમને કહ્યું હવે તને મારી પાસે આવ્યાને ચોવીસ કલાક થઈ ગયા એટલે જૂની થઈ ગઈ. બોલ, તારો ગીતાનો અભ્યાસ કયાં સુધી પહોંચ્યો ? અહીં તારે ફક્ત મારું કામ કરવાનું છે એમ નથી, પણ તને અભ્યાસ પણ કરાવવો છે.

મનુબેને આનો જવાબ વાળતા કહ્યું કે 'જેલમાંથી છૂટ્યા પછી મારો ગીતાનો અભ્યાસ મેં પોતાની મેળે કયારેક કર્યો હશે, પણ ઉચ્ચાર શુદ્ધિ માટે કે અર્થો સમજવા માટે બીજા કોઈને ગુરુ બનાવ્યા નથી. કારણ કે મારી ઈચ્છા હતી કે ભલે બીજા બધા વિષયોમાં હજારો ગુરુઓ થાય. પણ ગીતાના ગુરુ બાપુ સુવિયા કોઈને નથી કરવા. એટલે હું મારી મેળે સાચાખોટા ઉચ્ચાર કે અર્થો કરતી, બીજા આગળ અભ્યાસ નથી વધાર્યો.'

મનુબેને મનની સાચી વાત બાપુને કરી દીધી પણ આ સત્ય વાતથી બાપુને દુઃખ થયું. બાપુએ કહ્યું, 'એ ઈચ્છામાં તારો ખોટો મોહ છે. સારી વસ્તુ શીખવામાં હજારો શું, લાખો ગુરુઓ કાં ન કરીએ ? એક નાનું બાળક હોય તો તેની પાસે પણ શીખીએ. સારી વસ્તુ શીખવામાં શરમ શાની ? પણ ભૂલ્યા ત્યાંથી સવાર. હવે રોજ તારે ગીતાના પાંચ શ્લોક લખવાના. શ્લોકના અર્થે - સંધિઓ છૂટી પાડીને કરવાના. ગીતા અભ્યાસ એ યજ્ઞ છે. યજ્ઞમાં ભગવાન કહે છે જે માણસ યજ્ઞ કર્યા વિના ભોજન કરે તો ચોરીનું ખાય છે. આ તો બહુ ભારે વચન થયું, કેમ કે ચોરીનું અન્ન ખાવું તે તો કાચો પારો છે. કાચો પારો હજમ ન થાય. તે ખાય તો ફૂટી નીકળે, યજ્ઞ વિના માણસ ચોર ઠરે. ગીતા એક યજ્ઞ છે એમ ગાંધીજી આ રીતે સવિસ્તાર સમજાવે છે.'